

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા જુના સચિવાલય કેન્ટીન ગાંધીનગર ખાતે અન્ડર ૧૫ વર્ષ વયમાં ટુર્નામેન્ટ બે જુથમાં રમાડવામાં આવી હતી, જેમાં કુલ ૩૮ બાળકોએ ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## આજે સાહિત્ય સભાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૯

સાહિત્ય સભાના મંત્રી નટવર હેડાઉએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સાહિત્ય સભાની માસિક બેઠક આજે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે મળશે. જેમાં દરેક સર્જક સ્વરચિત કૃતિઓ રજૂ કરશે.

## વહીવટી સેવાના સિનિયર અધિકારી બી આર પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૯

ગુજરાત વહીવટી સેવાના સીનીયર અધિકારી શ્રી બી.આર. પટેલે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સમક્ષ પ્રો. ડૉ. આમ્રપાલી મરચન્ટ (સરદાર પટેલ યુનિવર્સિટી)ના માર્ગદર્શન હેઠળ 'સમુદાય આધારિત આપત્તિઓ સામેની પૂર્વતૈયારી-પધ્ધતિ, પ્રક્રિયા, પડકારો, પ્રશ્નો અને પરિણામ-ગુજરાત અનુભવ' વિષય લઈને સંશોધન કરી રજૂ કરેલ મહાનિબંધ યુનિવર્સિટીએ સ્વીકારી વિદ્યા વાચસ્પતિ-પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત થયેલ છે.

## શક્તિ દૂત યોજના હેઠળ ચેમ્પિયન્સ તૈયાર કરવાની યોજના

ગાંધીનગર, તા. ૯

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે રાજયમાં પ્રતિભાશાળી ખેલાડીઓમાં રહેલી ક્ષમતાને ધ્યાને લઈને તેમને જરૂરિયાતના ધોરણે રમતોની સંલગ્ન સુવિધાઓ પુરી પાડી ચેમ્પિયન્સ તૈયાર કરવાનો મુખ્ય હેતુ છે.

સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રમતો કોમનવેલ્થ એશિયા ગેમ્સ તથા આફ્રો એશિયનગેમ્સ અને ઓલમ્પિકમાં સમાવિષ્ટ રમતોને માન્ય ગણવામાં આવશે. ૧૨ થી ૨૦ વર્ષની ઉંમરને ધ્યાનમાં રખાશે. માન્ય ઓલ ઈન્ડિયા ફેડરેશન દ્વારા યોજાતી ઓપન વિભાગની જુનિયર સબ જુનિયર સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને તેમની સિધ્ધિની અગ્રતાના ધોરણે સમાવેશ કરાશે. આ યોજનામાં પસંદગી પામતા ખેલાડીઓને આગામી રમતગમતની સિદ્ધિઓ ધ્યાનમાં રખાશે. અરજદારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજીપત્રકને માહિતી વેબસાટ પર રાખવામાં આવેલ છે. અરજી તા. ૩૦ જૂન સુધી સ્વીકારાશે. તા. ૧૫ જુલાઈ સુધીમાં પ્રિન્ટ મેળવીને અરજી મોકવાની રહેશે.

## મેન્ટલી સ્પેશિયલ બાળકો માટે આઓ ખ્વાબ સજા દે પીકનીક યોજાશે

ગાંધીનગર, તા. ૯

મેન્ટલી સ્પેશિયલ બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત હેત ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે આઓ ખ્વાબ સજા દે મનોરંજક પીકનીક કાર્યક્રમ અંગે ગાંધીનગરના મેન્ટલી ચેલેન્જડ બાળકો માટે આયોજન કરેલ છે.

હેત ફાઉન્ડેશનના પ્રમુખ મીરા ગઢવીના જણાવ્યાનુસાર ઉપરોકત કાર્યક્રમ મેન્ટલી સ્પેશિયલ બાળકોના સ્વપ્નાઓને હકીકતનું આપવાના ઉમદા પ્રયત્નોનો પ્રયાસ અંકુરભાઈ પઠાણના સહયોગ દ્વારા સાંપડી રહ્યો છે. આઓ ખ્વાબ સજા દે મનોરંજક પીકનીકના કાર્યક્રમમાં કાંકરીયા-કિડ્સ સીટી, ટ્રેન, ઝુ, ગાંધીઆશ્રમ ગેલરી, રામધૂન તથા રીવરફ્રન્ટમાં ડી.જે. ડાન્સ પાર્ટી આકર્ષનો રહેશે. તમામ સ્થળોએ બાળકોને ટાટા સફારીમાં લઈ જવામાં આવશે. ગાંધીનગરના મેન્ટલી સ્પેશિયલ બાળકોને ઉપરોકત કાર્યક્રમમાં લાભ લેવાનો અવસર સાંપડયો છે. જેના ભાગરૂપે વાલીઓએ રવિવારે સવારે ૯.૦૦ કલાકે ટાઉનહોલ લોનમાં સંપર્ક કરવા જણાવેલ છે.

## શિશુવાટિકા ભવન લોકાપર્ણ તા. ૧૧ જૂને

ગાંધીનગર, તા. ૯

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી શિશુ વાટિકાના નવા ભવનનું લોકાપર્ણ તા. ૧૧ જૂનના રોજ સોમવાર સવારે ૮.૩૦ કલાકે સે-૨૨ ખાતે યોજાશે.

શિશુવાટિકા ભવનનું ઉદ્ઘાટન સંતશ્રી મોરારીદાસ મહારાજ કરશે. અતિથિ વિશેષ પદે જ્યોતિબેન થાનકી, મુખ્ય વક્તા તરીકે આશાબેન થાનકી મંત્રીશ્રી અખિલ ભારતીય શિશુવાટિકા પ્રમુખ વિદ્યા ભારતી હાજર રહેશે.

# અનામત કક્ષાના પ્રવેશ ફોર્મ ૧૧મીએ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાંથી મેળવવા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ વર્ષે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રીયકૃત રહેશે. અનામત કક્ષાના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે જે શાળાઓમાં વ્યવસ્થા કરવામાં આવી છે તે શાળાના આચાર્યએ અનામત કક્ષાના પ્રવેશ માટેના ફોર્મ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતેથી તા. ૧૧મી જૂન-૨૦૧૨ થી ૧૨મી જૂન-૨૦૧૨ દરમિયાન સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં ફોર્મ આપવાના અને સ્વીકારવાના રહેશે.

ગાંધીનગર જિલ્લાના વિજ્ઞાન પ્રવાહના અનામત કક્ષાના વિદ્યાર્થીઓના કેન્દ્રીયકૃત પ્રવેશ અંગેની વ્યવસ્થા પાંચ શાળાઓમાં કરવામાં આવી છે. ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, ગાંધીનગર, માણસા વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે આર.બી.એલ.ડી. હાઈસ્કૂલ, માણસા, તા. માણસા, જિ. ગાંધીનગર, કલોલ વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે વખારીયા પી.જે. હાઈસ્કૂલ, કલોલ, તા, કલોલ, જિ. ગાંધીનગર, ચાંદખેડા વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે મણિપ્રભુ હાઈસ્કૂલ, ચાંદખેડા, તા. જિ. ગાંધીનગર, દહેગામ વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે સરકારી ઉચ્ચચ્ચત્તર માધ્યમિક શાળા, દહેગામ,તા. દહેગામ, જિ. ગાંધીનગરનો સમાવેશ થાય છે. જે ગામમાં વિજ્ઞાન પ્રવાહની એક જ શાળા હોય તે ગામમાં શાળા કક્ષાએ અનામત કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે એમ જિલ્લા શિક્ષણાધિકારી, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતગર્ત શિક્ષકોની શિબિર

ગાંધીનગર, તા. ૯

વન અને પર્યાવરણ મંત્રાલય ભારત સરકાર નવી દિલ્હી તથા વિકસતા અમદાવાદના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન ૨૦૧૧-૧૨ અંતર્ગત 'ટકાઉ આજીવિકા માટે વન' વિષય પર જી.ડી. એલ એન્ડ એમ.એન. જે કાબાવાલા હાઈસ્કુલ કોબા ખાતે ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓના વિજ્ઞાન શિક્ષક માટે તા. ૮ જૂનના રોજ કાર્ય શાળા યોજાઈ હતી. આ કાર્ય શાળામાં મુખ્ય મહેમાન તરીકે હેમંતભાઈ સુથાર એસીએફ વન વિભાગ ગાંધીનગર, નરેશભાઈ ઠાકર નિવૃત્ત પીઆરઓ, જીપીસીબી ગાંધીનગર સી.એ. પટેલ, શિક્ષણ નિરીક્ષક શિક્ષણાધિકારી કચેરી તથા અનિલભાઈ પટેલ મેનેજિંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર તથા વિષ્ણુભાઈ પટેલ આચાર્ય કોબા હાઈસ્કુલ ઉપસ્થિત રહ્યા હતા. હેમતંભાઈ સુથાર દ્વારા આજીવિકા માટે વનો વિષય પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પોતાનું પ્રવચન આપેલ હતું. તેમને પોતાના પ્રવચનમાં વનોની આપણા જીવનમાં આર્થિક તેમજ સામાજિક અગત્યતા વિશે પ્રવચન આપેલ હતું.

નરેશભાઈ ઠાકર દ્વારા પ્લાસ્ટીકની સમસ્યા અને તેના નિવારણ માટે ઉપાયો વિશે પોતાનું પ્રવચન કર્યું હતું. નકામા પ્લાસ્ટીકના પેપર, પડીકી, નકામા પ્લાસ્ટીક કચરામાંથી શીટ, પેપર બ્લોકનું ડેમોસ્ટેશન કર્યુ હતું. તેમજ આ વસ્તુ કેવી રીતે બને છે. તેની સમજણ આપી હતી. અનિલભાઈ પટેલ દ્વારા શિક્ષકો શાળામાં તેમજ આસપાસની પર્યાવરણ જૈવિક વિવિધતાથી વૃક્ષો કઈ રીતે બચાવી શકે તેનો ખ્યાલ આપ્યો હતો. ટકાઉ આજીવિકા માટે વનોની ફિલ્મ પણ બતાવવામાં આવેલ હતી. ગાંધીનગર જિલ્લાના ૧૫૦ વિજ્ઞાન શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ, શિવાંગ પટેલ અને વિજ્ઞાન શિક્ષક વિમલભાઈ સુથારે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત લીધી હતી.

# ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે રાજ્યના તેજસ્વી આર્થિક પછાત વિદ્યાર્થીઓ માટે ફી માફી યોજના

ગાંધીનગર, તા.૯

કોઈપણ રાજ્ય કે પ્રદેશના વિકાસ માટે ટેકનિકલ કુશળતા ધરાવતા યુવાનો અને ટેકનોલોજીની ઉપલબ્ધતા અનિવાર્ય ગણાય છે. રાજ્યના ઔદ્યોગિક વિકાસને અનુરૂપ રાજયમાં ટેકનિકલ અને ઉચ્ચ ટેકનિકલ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાની શિક્ષણ સંસ્થા આવેલી છે.

ટેકનિકલ અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓમાં તેજસ્વી વાર્ષિક રૂા.૪.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા આર્થિક પછાત વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ માટે ફી માફી યોજના અમલમાં છે. રાજ્યની એઆઈસીટીઈ માન્ય ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ ફી માફી યોજનાનો લાભ લઈ શકશે. ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓની માન્ય કુલ બેઠકોના ૦૫ ટકા બેઠકો ફી માફી યોજના હેઠળ ફાળવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ફી માફી યોજનામાં બેચરલ ઓફ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી, ફાર્મસી, એચએમસીટી આર્કિટેકચર, અપ્લાઈડ આર્ટસ એન્ડ ક્રાફટ ત્રણ વર્ષના તમામ ડિપ્લોમાં કોર્ષનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારી તેમજ સરકારી ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓની ફી સરકારશ્રી દ્વારા નક્કી કરાય છે તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની શિક્ષણ ફીની મર્યાદા રાજ્યકક્ષાની ફી કમિટિ દ્વારા નક્કી કરવામાં આવે છે. આ યોજના અન્વયે શિક્ષણ ફી સિવાય અન્ય ફી લાભાર્થીઓએ ભરવાની રહેશે. એડમીશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સ (એ.સી.પી.સી.) તથા અન્ય પ્રવેશ સમિતિઓ મારફતે તમામ ટેકનિકલ સંસ્થાઓ કેટેગરી પ્રમાણે ફી માફી યોજના હેઠળ આવતી બેઠકો તેમની માર્ગદર્શિકા અને વેબસાઈટ ઉપર મુકવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓ ઓન લાઈન પ્રવેશ વખતે તેમની પસંદગી પ્રમાણે મનપસંદ શાખામાં પ્રવેશ લઈ શકે.

## પુસ્તક પરિચય


- કુંતલ નિમાવત

વર્ષાને કહેજો કે પાછી ના જાય,
ધરતી પર વરસીને ખાલી એ થાય.
માનવ માનવનાં હૈયાં રીઝાવે,
નદી-તળાવ ને સરવર છલકાય.
ધરતી ભીંજાવે સુગંધ ફેલાવે,
પાણીના રેલા સઘળે રેલાવે,
શીળી-શીતળ લ્હેરખીઓ વાય,
વર્ષાને કહેજો કે પાછી ના જાય.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત એક સુંદર પુસ્તક 'કલશોર' વાચવામાં આવ્યું. એમાં આ કવિતા છે અને આવી ઘણી બાળ કવિતાઓ છે, બાળસહજ કવિતાઓ છે. પુસ્તકના લેખક છે ગાંધીનગરના જ રહેવાસી અને માહિતી ખાતાના નિવૃત્ત ફોટોગ્રાફર એવા કાન્તિભાઈ મનજીભાઈ શર્મા.

માત્ર કવિતાઓ જ નહીં, એમાં સુંદર મજાની તસવીરો પણ છે. તસવીરો એક જ રંગમાં છપાઈ છે, પણ એમાં ક્યાંય રંગોની જરૂર લાગતી નથી. એમ ને એમ પણ એ તસવીરો કાવ્યો સાથે શોભી જ રહી છે. વિશેષતા એ છે કે જે વિષયને લગતું કાવ્ય છે એ વિષયની જ તસવીરો ઉપર મૂકવામાં આવી છે. આ કારણે પુસ્તકનું મહત્ત્વ વધી જાય છે. કાવ્ય વાંચીને કલ્પના કરનાર બાળક કવિની કલ્પનાને પણ જોઈ શકે છે એ વિચાર ખરેખર સરાહનીય છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં કવિએ પોતાની જિંદગીની કૅફિયત આપી છે, જેના અંતભાગમાં તેઓ જણાવે છે, આ કલશોર મારો પ્રથમ સંગ્રહ, જેમાં ચૂંટેલાં તરૂણ કાવ્યો છે, જે ૧૩થી ૧૫ વર્ષની વયે રચેલાં કાવ્યો આધારિત છે. જોકે કૅમેરા સાથે કલમ નોકરીમાંય ચાલુ જ રહી. અને ના જર્નાલિઝમના અનુભવનો પણ લાભ મળ્યો.



આ કલશોર મારી આજુબાજુ જન્મથી આજસુધીનો સમગ્ર જીવન પર્યાપ્ત કલશોર બની રહ્યો. જે લોકો મારા પરિચિત કે અપરિચિત છે તે સૌને કોઈ ને કોઈ રીતે ક્યાંક ને ક્યાંક કલશોર થયો જ હશે. આ કલશોરના સૌ કોઈ નાત-જાત, કોઈ વાદ વગર સૌની વચ્ચે મારો કલશોર છે. સર્વે માનવ પૃથ્વી પર સૌ એક છે, 'પામશો પરમ શ્રેય સાથી થૈ એકમેકના.'

બધાં બાંધી મૂઠીએ જન્મે,
ઉઘાડે હાથે જવાના.
મળેલા જીવો માટીથી
માટીમાં સમાવવાના.
લીલાં લીલાં વૃક્ષો ડાળે,
વાયરા વ્હાલના ચડતા ઝોલે,
ચાંદ તારા ચમકે ગગનમાં,
ચાલો જીવન-વનમાં,
ઉત્સાહના ઉપવનમાં.....

બાળસહજ લાગણીથી લખાયેલી ને બાળકોને વાંચવી ગમે, ચિંતન કરવી ગમે એવી ૩૭ કવિતાઓનો સુંદર સંગ્રહ છે આ પુસ્તકમાં. અને હાથમાં પુસ્તક લઈએ તો એક જ નજરે બધાં ચિત્રો જોઈ લેવાનું મન થાય એવું સુંદર પુસ્તક. કવિતા વાંચવાની શરૂઆત કરીએ તો એક જ બેઠકે વાંચી નાખવાની અદમ્ય ઈચ્છા થાય એવી સહજ ને સરળ કવિતાઓ પણ ખરી.

પહેલી જ કવિતા દિવાળીના વિષયે, શીર્ષક 'દિવાળી આવશે.'

'થનગનતી થનગનતી દિવાળી આવશે, ઘર-ઘરને આંગળે રંગોળી સજાવશે.... રૂડા રૂપાળા શણગારો સજાવશે, હૈયેહૈયામાં પ્રેમ પ્રગટાવશે...મનમાં જે ભેદ એને પળમાં ભુલાવશે, સૌનાં હૈયાં મહીં હેતને છલકાવશે, દિવાળી આવશે..'

સુંદર લાગણી, સુંદર વિચાર.

પુસ્તક વિશે અભિપ્રાય આપતાં ફિલીપ ક્લાર્ક લખે છે, 'કાંતિભાઈ એમ શર્મા ઉત્તમ કોટિના ફોટોગ્રાફર ઉપરાંત સારા એવા સાહિત્ય સર્જક પણ છે. કલશોરનાં કાવ્યો બાળકો માટે જ લખાયાં હોય એવું સ્પષ્ટ તરી આવે છે. સ્વભાવે બાળક જેવા કાંતિભાઈ બાળભોગ્યતા અને બાળસહજતા મોટા ભાગની રચનાઓમાં જાળવી શક્યા છે. ક્યાંક પ્રાસ, શબ્દપ્રયોગ કે વિષય પસંદગીમાં ઓછપ હશે પણ બાળકને તેમણે કેન્દ્રમાં રાખ્યું છે. બાળસહજ ભાવ અને સરળતા એ બાળકાવ્યની પ્રથમ શરત છે, જે તેઓની રચનામાં પામી શકાય છે.'

આ વાત અક્ષરશઃ સાચી છે. કવિતાઓ લખવામાં કાંતિભાઈએ માત્ર બાળકોને જ ધ્યાન સમક્ષ રાખ્યાં છે, છંદ કે પ્રાસની તમા નથી રાખી. અને તોમ છતાં કાવ્યો વાચવાયોગ્ય તો છે જ. બાળકોને તો ઠીક, કાવ્યરસિક મોટેરાઓનેય મજા પડે એવાં વાક્યો આ પુસ્તકમાં છે.

જેમકે 'હરિવર' શીર્ષક ધરાવતું આ કાવ્ય, 'પ્રકાશે પ્રગટ્યા હરિવર, આકાશે ચમક્યા હરિવર, ભક્તિ ભરસે હરિવર, દુખો હરશે હરિવર. બુદ્ધિ દેશે હરિવર, ઉમંગ દેશે હરિવર, ચાલો નમીએ હરિવર, વંદન કરીએ હરિવર. વર્ષા થઈ વરસે હરિવર, ફૂલો થઈ ફરકે હરિવર.'

રન્નાદે પ્રકાશન, અમદાવાદ એ આ પુસ્તકના મુખ્ય વિક્રેતા છે. પુસ્તકની કિંમત ૬૫ રૂપિયા છે.

# માણસને એના વતનથી દૂર કરવો એ બાળકને એની માતાના દૂધથી દૂર કરવા બરાબર છે

(કુંતલ નિમાવત દ્વારા)

'હું મારું વતન કરાચી છોડીને આવ્યો છું અને વતનથી દૂર થવાનું દર્દ હું જાણું છું.....' શ્રોતાઓથી ભરેલા ઑડિટોરિયમમાં એક પુરુષે રડતાં રડતાં આ ભાવ દર્શાવતા શબ્દો ઉચ્ચાર્યા અને પોતાની વાત પૂરી કરતા પહેલાં જ રડી પડ્યા ત્યારે આખાય ઑડિટોરિયમમાં સન્નાટો છવાઈ ગયો. બે મિનિટ સુધી કોઈ કશું જ ન બોલી શક્યું અને રડનાર પુરુષ પણ પોતાનું રડવું ખાળી ન શક્યા.

આખરે હોશ આવતાં ઑડિટોરિયમમાં બેઠેલા સંવેદનશીલ પ્રેક્ષકોએ તાળીઓ વગાડી, એ નાદથી રડનાર પુરુષને સાંત્વના આપી કે તમારું દર્દ અમે સમજીએ છીએ અને અમારી લાગણી તમારી સાથે છે. રડનાર પુરુષ પણ જાણે એ સંવેદના સમજ્યા હોય એમ પોતાના સ્થાને બેઠા અને પછી ઉદ્‌ઘોષકે બાજી સંભાળી લીધી. એમણે પોતાના શબ્દોથી સૌ વતી પોતાની સંવેદના વ્યક્ત કરી અને વતનથી વિખૂટી પડીને આવેલા વ્યક્તિને સાંત્વના આપી.

આ દ્રશ્ય જોવા મળ્યું સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ, ગાંધીનગર ખાતે. ઈન્સ્ટીટ્યુટ દ્વારા આયોજિત ગાંધીનગર સાહિત્યોત્સવ ૨૦૧૨ અંતર્ગત બીજા દિવસના બીજા સત્રમાં શનિવારે આ ઘટના બની.

આ સત્ર હતું ફિલ્મ નિદર્શન માટેનું. બહુખ્યાત લેખક સાદત હસન મંટોની વાર્તા પર આધારિત ફિલ્મ 'ટોબા ટેક સિંઘ'નું નિદર્શન યોજવામાં આવ્યું હતું. એ ફિલ્મ જોયા પછી થોડા પ્રેક્ષકોએ પોતાના પ્રતિભાવ આપ્યા, જે પૈકી એક પ્રેક્ષક પોતાના વતનને યાદ કરીને રડી પડ્યા હતા ને ઑડિટોરિયમમાં લાગણીશીલ વાતાવરણ છવાઈ ગયું હતું.

આ સત્રનું સંચાલન અજય તોમર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે શરૂઆતમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી સાહિત્યના ખાં એવા વારિસ હુસૈન અલવીના નામનો ઉલ્લેખ કર્યો હતો, જે આ પ્રસંગે ઉપસ્થિત રહેવાના હતા પણ પોતાની નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત નહોતા રહી શક્યા. એ પછી સાદિક નૂરને તેમણે વારિસ હુસૈન અલવીનો પરિચય આપવા જણાવ્યું.

સાદિક નૂરે વારિસ હુસૈન અલવીની ઓળખ એક 'બાગો બહાર શખ્સીયત' તરીકે આપતાં એ વાતનો ઉલ્લેખ કર્યો કે બહુ ઓછા લોકો જાણે છે કે સુરત નિવાસી અલવી સાહેબ ઉર્દૂ સાહિત્યના ખાં છે, અંગ્રેજીના અધ્યાપક છે અને એમણે ૧૮ જેટલા ગુજરાતી નાટકો પણ લખ્યાં છે, જે ભજવાઈ ચૂક્યાં છે.

પ્રેક્ષકો માટે આ પહેલું આશ્ચર્ય નહોતું. બીજું સુખદ્ આશ્ચર્ય એમણે પ્રેક્ષકોને આપ્યું એમ કહીને કે 'પોતાની નાદુરસ્ત તબિયતને કારણે આ સત્રમાં ઉપસ્થિત ન રહી શકનાર અલવી સાહેબને અહીં હાજર રાખવાનો પ્રયાસ તો મેં કર્યો જ છે. ગઈકાલે એમનો સંદેશ મને મળ્યા પછી હું રાત્રે જ સુરત પહોંચી ગયો અને આ કાર્યક્રમ સંદર્ભમાં એમનો એક સંદેશ રૅકર્ડ કરીને અહીં લાવ્યો છું, જેથી એમની ઉપસ્થિતિ આપણે અહીં અનુભવી શકીએ.'

પ્રેક્ષકોએ મનોમન એમને ધન્યવાદ આપ્યા અને પછી એમણે રૅકર્ડ કરેલો અલવી સાહેબનો સંદેશ પણ જોયો. અલવી સાહેબે પોતાના આ વિડીયો સંદેશમાં ગાંધીનગર સાહિત્યોત્સવ ૨૦૧૨ના આયોજન બદલ અશોકભાઈ પુરોહિત અને વિજય રંચનને અભિનંદન પાઠવ્યા અને જણાવ્યું કે, 'સાંસ્કૃતિક જિંદગીમાં આ એક અગત્યનું પગલું છે. ફિલ્મ અને સાહિત્યને નજીક લાવવાનો આવો પ્રયાસ પહેલીવાર થઈ રહ્યો છે એવું હું માનું છું. આ વર્ષે જ્યારે મન્ટોની જન્મ શતાબ્દિ ઉજવાઈ રહી છે ત્યારે એના માટે આ સાહિત્યોત્સવમાં એક ખાસ જગ્યા નિયત કરવા માટે પણ હું સૌ આયોજકોને મુબારકબાદ આપું છું. મન્ટોએ ન માત્ર ઉચ્ચ કક્ષાના સાહિત્યનું સર્જન કર્યું છે, પરંતુ તેણે માણસના વિચારોમાં પરિવર્તન લાવવાનો પણ પ્રયાસ કર્યો છે. હું એવા થોડા ખુશનસીબ ઉર્દૂ લેખકો પૈકીનો એક છું કે જેણે મન્ટોને જોયા છે ને એમની સાથે ફૂરસદથી વાતો કરી છે. મન્ટો સાથેની મારી મુલાકાત એટલા માટે યાદગાર રહી હતી કે એ પછી એકાદ વર્ષે તેઓ પાકિસ્તાન ચાલ્યા ગયા હતા.

મન્ટો ખૂબ સરળ માણસ હતા, સાફ સૂથરી વાતો કરતા, સાફ સૂથરું લખતા. એમનાં લખાણો વાંચીએ તો એવું લાગે કે જાણે દિવસોની મહેતન એ લખવા પાછળ એમણે લગાડી હશે. પણ સાચી વાત એ છે કે મન્ટોએ પોતાનું દરેક સર્જન એક જ બેઠકે તૈયાર કર્યું છે. એકવાર એ લખવાનું શરૂ કરતા પછી પૂર્ણ કરીને જ ઊભા થતા.

હ્યુમેનીઝમ - માનવતા એ મન્ટોનાં લખાણોની વિશેષતા છે. કચડાયેલા, શોષિત, ગરીબ લોકો સાથે દોસ્તી, એમની સાથે માનવતાભર્યો વ્યવહાર જે એમણે દર્શાવ્યો છે એ બહુ ઓછા લેખકોમાં જોવા મળે છે.

ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે હિંસાના જમાનામાં એમણે જાતે હિંસા જોઈ છે. માણસ અંદરથી કેટલો ખૂની જાનવર છે એ એમણે નજીકથી જોયું છે. પરંતુ એને ઉપરથી કેટલો સજાવી શકાય છે એ પ્રયાસ પણ એમણે કર્યો છે.

હું માનું છું કે આજના યુવાઓ મન્ટોનાં લખાણો વાંચે તો એમને ગરીબ, કચડાયેલા લોકો સાથે કેવી રીતે હમદર્દીથી, રહેમથી વર્તી શકાય એ તેમને સમજાવી શકાય. આમ પણ પ્રેમચંદથી લઈને મન્ટો સુધીના સઘળા સાહિત્યકારોએ આપણને આ જ શીખવ્યું છે કે દુનિયાએ જેમને છોડ્યા છે એમની સાથે આપણે માનવીય વ્યવહાર કરીએ.'

એ પછી ફિલ્મ 'ટોબા ટેક સિંઘ' વિશે ભૂતકાળમાં એમણે એક પ્રવચન આપ્યું હતું એની ઑડિયો ક્લિપ પણ પ્રેક્ષકોને સંભળાવવામાં આવી હતી, જેમાં તેમણે ઉચ્ચાર્યું હતું, 'ટોબા ટેક સિંઘ' વાર્તા ઘણી વખણાઈ છે પરંતુ એને કોઈ યોગ્ય રીતે સમજ્યું નથી. સૌ એને ભાગલાની વાર્તા ગણે છે, પણ એમાં રહેલી માનવતાને કોઈ પિછાણી શક્યું નથી.

ટોબા ટેક સિંઘનો નાયક એક ગ્રામીણ યુવાન છે અને ટોબા ટેક સિંઘ એ એક ગામનું નામ છે, જે ભાગલા પછી પાકિસ્તાનને ભાગે આવે છે. યુવાન અચાનક પાગલ થઈ જાય છે અને પાગલખાનામાં પણ પોતાના ગામને શોધતો રહે છે, એના વિશે સૌને પૂછતો રહે છે એવી વાત ફિલ્મમાં છે. એ પછી પાકિસ્તાનના પાગલોને પાકિસ્તાનમાં રાખવા વઅનો હિન્દુસ્તાનના પાગલોને હિન્દુસ્તાન મોકલી દેવા એવો નિર્ણય થાય છે, એ સમયે આ યુવાનનો પણ હિન્દુસ્તાન મોકલવાનો પ્રયાસ કરવામાં આવે છે, પણ જવા તૈયાર નથી થતો કારણ કે એનું પોતાનું ગામ પાકિસ્તાનમાં છે. એને હિન્દુસ્તાન કે પાકિસ્તાન સાથે નહીં, પણ પોતાના ગામ સાથે નિસબત હોય છે. પોતાના આ ગામની જુદાઈથી હિજરાતો આ યુવાન આખરે હિન્દુસ્તાન અને પાકિસ્તાનની વચ્ચે જ પોતાનો જીવ છોડી દે છે, જે 'નો મેન્સ લેન્ડ' છે. બીજા અર્થમાં કહીએ તો એ જમીન એની થઈ જાય છે, 'ટોબા ટેક સિંઘ'ની થઈ જાય છે !

માણસ પોતાના વતન સાથે, માતૃભૂમિ સાથે જોડાયેલો હોય છે અને તેને વતનથી દૂર કરવો એ બહુ કઠિન કામ છે. ભલે તે સદેહે દૂર થઈ જાય છે, પણ તેમ છતાં એક છોડને જમીનથી દૂર કરવામાં આવે અને બીજી જગ્યાએ લગાવવામાં આવે એવી એ ઘટના છે. છોડ ભલે નવી જમીનમાં રોપાઈ જાય, પણ અંદરથી એ સતત મરતો રહે છે. એવું જ માણસનું પણ થાય છે. આ બાબતના પુરાવા જોવા હોય તો ઈંગ્લેન્ડ કે અમેરિકામાં જોવા જોઈએ. અનેક દેશોમાંથી આવેલા લોકો અહીં રહે છે. સૅટ થઈ જઈશું એવી જાતને સાંત્વના આપતા એ લોકો આ પારકા દેશોમાં રહે છે, પરંતુ અંદરખાનેથી તો તેઓ જાણે જ છે કે સૅટ થઈ શકાતું નથી. ફ્રોઈડ જેવા ચિંતકો તો એમ કહે છે કે એક માણસને એના વતનથી દૂર કરવો એ બાળકને એની માતાના દૂધથી દૂર કરવા બરાબર છે.'





વારિસ હુસૈન અલવીના આ રસપ્રદ દ્રષ્ટિકોણ પછી નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાના પૂર્વ વિદ્યાર્થી અજય કન્નોજિયા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ટોબા ટેક સિંઘ'નું નિદર્શન કરવામાં આવ્યું હતું. ૨૮ મિનિટની આ ફિલ્મ સૌએ રસપૂર્વક નિહાળી હતી અને એની સરાહના પણ કરી હતી.

સમાચાર એ હતા કે સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટના પાંચ વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવી રહેલા શાહૂ દ્વારા આ ફિલ્મમાં અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. એ સૌને પ્રેક્ષકોએ તાળીઓથી વધાવીને એમને બહુમાન આપ્યું હતું.

આ જ સત્ર દરમ્યાન ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ અને નાટ્યકાર તરીકે જાણીતા વરૂણ માયરા દ્વારા મિહિર પંડ્યા લિખિત અને વાણી પ્રકાશન દ્વારા પ્રકાશિત પુસ્તક 'શહેર ઔર સિનેમા : વાયા દિલ્લી'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

મિહિર પંડ્યાએ પુસ્તકનો પરિચય આપ્યો હતો અને એની પ્રસ્તાવનાનું વાચન કર્યું હતું અને ત્યારબાદ વરૂણ માયરાએ મુંબઈ, કલકત્તા અને દિલ્લીના સંદર્ભે શહેરની છાપ કેવી હોય છે, કેવી થઈ રહી છે અને કેવી થવાની છે એનો રસપ્રદ ચિતાર રજૂ કર્યો હતો.

સાહિત્યોત્સવના પ્રથમ દિવસના સત્રો પૂર્ણ થયા પછી રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખ્યાત ગાયિકા શુભા મુદગલે ગાયનો પ્રસ્તુત કર્યાં હતાં. ભલે આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ ગીતોની એમણે પ્રસ્તુતિ કરી હતી, પરંતુ ગીતોની પસંદગી ઉચ્ચ કક્ષાની હતી અને ગાયકી લાજવાબ ! રસિકોએ મન ભરીને ગાયનો માણ્યાં હતાં.